શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાળ જૈન મહાજન
જ્ઞાતિનું કેન્દ્રવર્તી મહાજન


# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

**ઈ-મેગેઝીન • વર્ષ : ૫ • સળંગ અંક : ૨૮૨ • તા.૪ ઓક્ટોબર થી ૧૦ નવેમ્બર ૨૦૨૩**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.

## શ્રી બૃહદ મુંદ્રા ક.દ.ઓ.જૈન મિત્ર મંડળ આયોજિત

# શ્રી સિદ્ધાચલ (શેત્રુંજય) યાત્રા

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555


www.shubhdiamonds.com

E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

**સંપાદક સ્થાનેથી**

# જેવી દ્રષ્ટિ એવી સૃષ્ટિ

ધર્મશાસ્ત્રો કહે છે કે શુભનું ચિંતવન કરો. સારું બોલો, સારું સાંભળો અને સારું કાર્ય. થાય એવું નજર સમક્ષ રાખો તો આપો આપ સારું, શુભ થાય છે. તો આપણે કલ્પીએ તેવું જરૂર થાય. જેવું આપણે ઈચ્છીએ એવું પામીએ છીએ. વસ્તુ પ્રાપ્તિ હોય કે કોઈ વસ્તુનો અભાવ હોય. બંન્ને પરિસ્થિતિમાં સમાન ભાવ રાખો. આત્મસંતોષ એ મોટી મનની મોટી ઉપલબ્ધિ છે. સુખ હોય કે દુ:ખની ઘડી સમભાવ રાખીએ તો જે કપરો સમય હોય એ પણ આસાનીથી વિતી જાય છે. ક્યારે સમય, ઘડી પસાર થઈ ગઈ એની ગત પડતી નથી. અન્યો તરફ નજર રાખી જીવવાથી માત્ર અસંતોષ અસુયા પ્રાપ્ત થાય છે આત્મસંતોષ મળતો નથી. આપણી પરિસ્થિતિ આપણી પોતાની છે. જેને કેવી રીતે જીવવી એ આપણો પોતાનો અધિકાર છે. આપણા સંજોગો, આપણો સારો નરસો સમય અન્યોને માટે કંઈ લેવા દેવાનો હક આપતો નથી. એવી જ રીતે બીજાઓ કઈ રીતે જીવે, કઈ રીતે રહે જીવન પસાર કરે એ તેમનો આગવો અધિકાર છે. દરેક એ પોતપોતાની મરજીથી, પોતાની સાન, ભાન અને સમજણથી જ જીવતો હોય છે. બીજાની ચિતા કરવી એ આપણી ચિંતા તૈયાર કરવા જેવી વ્યવસ્થા છે.

આપણે આપણી રીતે જીવીએ બીજાની ચિંતા, ફિકર કરવાની જરૂર નથી. લોકો શું કહેશે, શું માનશે એની ફિકર કરવા કરતાં આપણને અનુકૂળ લાગે એ રીતે જીવીએ. આપણા સુખનો, આનંદનો ખ્યાલ રાખીએ તો આખરે જીવનનો આનંદ જરૂરથી માણી શકીએ. દંભ અને દેખાવ એ તો માણસ માત્રના મુખવટા છે. આ મુખવટા હટાવી દઈએ તો કશું છુપાવવાનું ન રહે.

જેવી દ્રષ્ટિ એવી સૃષ્ટિ. જેવી આપણી નજર એવા દ્રશ્ય આપણને દેખાવવાના છે. જગતમાં બધું શુભ અને સુખમય સારું રહે જો આપણે એવા હોઈએ. આપણા વિચાર સારું જોવાના હોય તો દરેકે દરેક પ્રસંગ સારા પસાર થવાના છે. આપણી નજર જો સારું જોવાની ટેવાયેલી ન હોય તો કશું સારું દેખાશે નહીં. કોઈ વ્યક્તિ સંપૂર્ણ નથી. સર્વ ગુણ સંપન્ન નથી. દરેક વસ્તુ કે વ્યક્તિના બે પાસા હોવાના. ગમે તેવો સારો માણસ હોય તેનામાં કંઈક તો સારું હોવાનું જ અને ગમે તેટલો સારો વ્યક્તિ હોય તેના સ્વભાવમાં, વિચારોમાં આચાર કે વ્યવહારમાં કાંઈ દોષ કે ખામી હોવાની. કોઈનામાં સારું જોવાની આપણી આદત હશે તો ગમે તેવા કાદવ કે કીચડમાં કમળ મળી જાય એમ અતિ અધમ વ્યક્તિમાં પણ સારપ મળવાની સારું શોધનારને સારું જ મળશે કોઈની ખરાબી નજરે નહીં જ આવે.

કેટલી વ્યક્તિઓનું ઊંડાણ જ એવું હોય છે જે બીજાના ગુણને જોઈ શકતા નથી. તેને માત્ર ને માત્ર અવગુણ જ દેખાતા હોય છે. બીજાઓની ભૂલો, ક્ષતિઓ અને ઉણપો જલદી નજરે પડે છે. આપણે જેવા હોઈએ તેવા બીજાને જોઈ શકીએ છીએ. આપણે આપણો સ્વભાવ સુધારી લઈએ તો કશી મુશ્કેલી નથી. આપણા મન અને સ્વભાવ પર સુખ, દુ:ખનો આધાર છે. સમય કેવો હોય કોઈ વ્યક્તિ પર નિર્ભર નથી. દુ:ખ આપણું પોતાનું સર્જન છે. કષ્ટ શારીરિક છે જ્યારે દુ:ખ માનસિક અવસ્થા છે. એટલે કેવી સૃષ્ટિ આપણને જોવા મળશે એ આપણી દ્રષ્ટિ નક્કી કરે છે.

– જય જ્ઞાતિમૈયા

# વર્તમાન સમયનું મોટું દાન-અંગદાન

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

દાનનો મહિમા હિન્દુ શાસ્ત્રોમાં પુરાણકાળથી ગવાયો છે. ઋગવેદથી લઈને અત્યાર સુધીના દરેક ધાર્મિક ગ્રંથોમાં દાનનો મહિમા ઉદારતાથી બતાવાયો છે. પોતાના જીવની રક્ષા કરતા કવચનું સ્વેચ્છાએ દાન કરીને દાનવીરનું બિરૂદ પ્રાપ્ત કરનાર મહાભારતના કર્ણ, વિષ્ણુ અવતાર વામનએ ત્રણેય વિશ્વનું દાન કરી રાજાબલિએ ત્રીજા પગલામાં આત્મદાન આપવાની ગાથાથી સૌ પરિચિત છે. સનાતન સંસ્કૃતિમાં ભૂમિદાન, ધર્મદાન, ધનદાન, વસ્ત્રદાન અન્નદાન, ગૌદાન, ભિક્ષાદાન, શિક્ષાદાન, કન્યાદાનનો મહિમા ગવાયો છે. આ સર્વે દાનો જ આપણી ભારતીય સંસ્કૃતિનો પાયો છે. માત્ર હિંદુ ધર્મમાં જ નહીં પરંતુ ઈસ્લામ ધર્મ, ખ્રિસ્તી ધર્મ, પારસી ધર્મ અને જૈન ધર્મમાં પણ અલગ અલગ રીતે દાનનું મહત્વ બતાવાયું છે. દાન એટલે બીજા અર્થમાં ત્યાગ

જ્ઞાનીઓએ કહ્યું છે કે, 'સો કામ છોડીને સ્નાન કરી લેવું હજાર કામ છોડીને ભોજન કરી લેવું, લાખ કામ છોડીને દાન કરી લેવું અને કરોડ કામ છોડી ભક્તિ કરી લેવી.' દાન શબ્દનો અર્થ થાય છે આપવાની પ્રક્રિયા. બધા ધર્મોમાં સુપાત્રને દાન કરવું પરમ કર્તવ્ય માનવામાં આવે છે. દાન એટલે કોઈ વસ્તુ પરથી પોતાનો અધિકાર સમાપ્ત કરી બીજાનો અધિકાર સ્થાપિત કરવો. દાનમાં આપેલી વસ્તુના બદલામાં કોઈપણ પ્રકારનો વિનિમય એટલે કે કોઈ ચીજ વસ્તુનો આદાન પ્રદાન હોવો ન જોઈએ. કોઈ નામ માટે, કોઈ સ્વાર્થ સિધ્ધ કરવા, પ્રસિદ્ધ કે અહંકાર સંતોષવા અને નિઃસ્વાર્થ માટે દાન અપાય છે.

આજના જમાનામાં સમય અને સંજોગો અનુસાર હવે રક્તદાન, ચક્ષુદાન અને અંગદાનની અધિક મહતા છે. આજે સર્વ દાનોમાં સૌથી મહાન દાન એટલે અંગદાન તેથી જ તેને જીવન દાન પણ કહેવામાં આવે છે. કોઈને નવ જીવન આપવું એનાથી ઉચ્ચ દાન ક્યું હોઈ શકે છે. જીવનનો દીવડો બૂઝાતો હોય એ પહેલાં અન્ય દીવડાને ઝળહળતું પ્રકાશમય કરતો જાય એ મોટું પુણ્ય કાર્ય છે. આજના સમયમાં દેશમાં અંગદાનની તાતી જરૂરિયાત રહે છે. એક સર્વે મુજબ ભારતમાં પાંચ લાખ અંગોની પ્રત્યારોપણ માટે આવશ્યકતા છે, પરંતુ બહુ જૂજ માત્રામાં અંગદાન થતું હોવાથી માંગ અને પર્યાપ્તતા વચ્ચે જમીન આસમાનનું અંતર રહે છે. સરેરાશ આશરે દર વર્ષે લાખ દર્દીઓ અંગદાન ન મળવાને અભાવે મૃત્યુ પામે છે. માંગ સામે માત્ર એકથી બે ટકા જેટલું અંગદાન ઉપલબ્ધ થતું હોવાથી પ્રત્યારોપણ માટેના લિસ્ટમાં સતત વધારો થતો રહે છે.

અગંદાનના મુખ્ય બે પ્રકાર છે. લાઈ-જીવિત ડોનેશન અને બ્રેઈનડેડ-કેડેવર ડોનેશન, લાઈવ ડોનેશન દર્દીના નજીકના સગાને પોતાના અંગોનું દાન કરે છે. આમાં કિડની, લીવર અને બોનમેરો પ્રત્યારોપણ ડોનેશન હોય છે. કેડેવર કે બ્રેઈનડેડ દર્દી એટલે જેમના મગજનું કાર્ય કાયમને માટે ફેઈલ થયું હોય. અંગદાનની કમી માટે જાગૃતિનો અભાવ, એની સાથે સંકળાયેલા અંધવિશ્વાસ અને ખોટી માન્યતાઓ છે. પરંતુ દરેક ધર્મો અંગદાનને માન્યતા અને મહતા આપે છે. એ માટે પ્રોત્સાહન આપે છે. આજના સમયે આનાથી ચડિયાતું માનવતાનું બીજું કોઈ ઉત્તમ કાર્ય કોઈ હોઈ શકે નહીં. સમગ્ર દેશમાં બ્રેઈન ડેડ અંગદાનનો પ્રોત્સાહન આપવા સરકાર, બિનરાજકીય સંસ્થાઓ અને સમાજ સ્તરની સંસ્થાઓએ ઝૂંબેશ ચલાવવી જોઈએ.

જીવનભર આપણા સાચા સાથી બનેલ શરીરના અંગો આત્મા વિહીન શરીર સાથે બળી કે દાટી ન દેતા એનું દાન કરીએ જેથી અન્યમાં જીવંત રહે એ માનવધર્મ નિભાવીએ. ઓર્ગન ડોનર બનવા www.notto.gov.in પર રજિસ્ટ્રેશન કરી શકાય છે. આ સાઈટ પર ૪.૧૫ લાખ ડોનર અંગદાન માટેની પ્રતિજ્ઞા લીધી છે. notto એટલે નેશનલ ઓર્ગન એન્ડ ટિસ્યુ ટ્રાન્સપ્લાન્ટ ઓર્ગનાઈઝેશન.

# શ્રી બૃહદ મુંદ્રા ક.દ.ઓ.જૈન મિત્ર મંડળ આયોજિત શ્રી સિદ્ધાચલ (શેત્રુંજય) મહાતીર્થ યાત્રા યોજાઈ



શ્રી બૃહદ મુન્દ્રા ક. દ. ઓ. જૈન મિત્ર મંડળ દ્વારા દાતાનું સન્માન કરવામાં આવ્યું હતું.

મુંદ્રા આસપાસની સોસાયટીઓમાં ગામોમાં વસતા જ્ઞાતિ પરિવારજનોએ શ્રી બૃહદ મુંદ્રા ક.દ.ઓ.જૈન મિત્ર મંડળની રચના કરી છે. તે હેઠળ પર્યુષણ બાદ કચ્છમાં ચૈત્ય પરિપાટી અને હાલમાં શરદપૂનમ સમયે શ્રી સિદ્ધાચલ મહાતીર્થની યાત્રાનું અદ્વિતીય ઉમળકાભેર સફળ આયોજન કર્યું. બંને કાર્યક્રમના મુખ્ય લાભાર્થી એક્ટિવ કાર્ગો મુવર્સ-મુંદ્રાના શેઠશ્રી ઝવેરચંદભાઈ આણંદજી ખોના (સાંધવ) હાલે-ગાંધીધામ રહ્યા. યાત્રામાં નાના-મોટા ૫૫ જેટલા લાભાર્થીઓ જોડાયા. કાર્યક્રમના સંચાલનમાં મુખ્ય કાર્યકરો જયેશ લોડાયા, અમિત લોડાયા, નિલેશ ધુલ્લા, નેહાબેન ધુલ્લા અને હેમંત ગુટકાએ કમર કસી. પાલીતાણામાં તળેટીમાં પૂજા-પાઠ, મ.સા.ને વંદન, રોહિશાળાએથી શ્રી શેત્રુંજ્ય ગિરિરાજ તથા શેત્રુંજી નદીની આરતી, ૧૦૮ ફૂટ આદિનાથ દાદાની પ્રતિમાના દર્શન તેમજ બીજા દિવસે ગિરિરાજની યાત્રામાં પક્ષાલ પૂજામાં લાભ લીધો. સાંજના સોનગઢ વિદ્યાર્થીગૃહની મુલાકાત તથા ચૌવિહારનો  લાભ લીધો.



# શ્રી બૃહદ મુંદ્રા ક.દ.ઓ.જૈન મિત્ર મંડળ આયોજિત શ્રી સિદ્ધાચલ (શેત્રુંજય) મહાતીર્થ યાત્રા યોજાઈ



યાત્રાના શુભેચ્છા લાભાર્થી : શ્રીમતી ખુશમીતાબેન કમલેશભાઈ મોમાયા (સાંયરા-મુંદ્રા), એક સદ્‌ગૃહસ્થ, હ.સચિનભાઈ ભાવસાર (મુંદ્રા), શિવશક્તિ મંડપ ડેકોરેટર્સ, હ.નિતીનભાઈ (બારોઈ), એક સદ્‌ગૃહસ્થ (મુંદ્રા), એક સદ્‌ગૃહસ્થ.

ભાથાના લાભાર્થી : ચિ.જિનેશ તથા ચિ.ફેની નિલેશભાઈ ધુલ્લા (બાંઢિયા-મુંદ્રા)

કેપ (ટોપી)ના લાભાર્થી : માતુશ્રી પુષ્પાબેન હરીલાલ દેઢિયા (લુણી-મુંદ્રા), શ્રી જેઠાલાલ જીવરાજ લાપસીયા (નલીયા)

યાત્રાની ખુશાલી પ્રસંગે ચિ.ધ્રુનીલ બિવીનભાઈ ગાલા (રાયણ-મુંદ્રા) તરફથી મિત્ર મંડળને ભેટ અનુદાન આપવામાં આવ્યું.

મુંદ્રાથી બે-ચાર-આઠ કિમી દૂર રહેતા પરિવારોએ સાથે મળીને આ સફળ આયોજન કર્યું તે માટે મુખ્ય લાભાર્થી શ્રી ઝવેરચંદભાઈ ખોના, શુભેચ્છક લાભાર્થીઓ તથા સર્વે શ્રાવક-શ્રાવિકાઓની ભૂરી ભૂરી અનુમોદના. ભવિષ્યમાં આવા કાર્યક્રમો થતા રહે તેવી શુભ અભિલાષા.

યાત્રા નિમિતે સંઘ પૂજન રૂા.૨૦૦/-થયેલ હતો.

આભાર વિધિ શ્રી બૃહદ મુંદ્રા ક.દ.ઓ.જૈન મિત્ર મંડળ કર્યું હતું.



# શ્રી છત્તીસગઢ ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન રાયપુરમાં શ્રી મહાકાળી માતાજીની ભાવના ભણાવાઈ



તા.૨૨ ઓક્ટોબર રવિવારના શ્રી છત્તીસગઢ ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન રાયપુરના ઉપક્રમે અચલગચ્છાધિષ્ઠાયિકા શ્રી મહાકાળી માતાજીની ભક્તિ ભાવના ધર્મભાવ સાથે કરાઈ.

આ કાર્યક્રમમાં કન્યા પૂજન કરાયું અને માતાજીને ભાવથી ચૂંદડી અર્પણ કરાઈ. આ ધર્મ ભક્તિ આયોજનમાં સંઘના શ્રાવક શ્રાવિકાઓ ઉમેટભર ઉપસ્થિત રહી ધર્મ લાભ લઈ ધન્ય થયાં હતાં.







# શ્રી છત્તીસગઢ ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન રાયપુરમાં શ્રી મહાકાળી માતાજીની ભાવના ભણાવાઈ









# અચલગચ્છાધિપતિ સંપાદિત શ્રી જિનગુણ ભક્તિ સ્વાધ્યાય સૌરભની ષષ્ઠમ આવૃત્તિનું પ્રકાશન

સાહિત્ય સમ્રાટ, ગુરૂગુણ, સૂરિપટ્ટધર અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ના સંપાદક કર્મથી શ્રી જિન ગુણ ભક્તિ સ્વાધ્યાય સૌરભની ષષ્ઠમ આવૃત્તિ પ્રકાશિત થઈ. આ ષષ્ઠમ આવૃત્તિમાં અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા. એ શ્રાવક પ્રતિક્રમણના સર્વે સૂત્રો, નિત્યપયોગી સ્તોત્રાદિ-પ્રતિક્રમણમાં બોલી શકાય તેવી સૂત્રની સજઝાયો ચોઢાળીયા અને પ.પૂ.ગુરૂદેવ અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ.સા. રચિત બહુ ઉપયોગી રચનાઓ સહિત અદ્દ્ભૂત સંકલન કરાયું છે.

ખાસ પરમ વંદનીય પૂજનીય જિનશાસન શણગાર-અણગાર પૂ.આચાર્ય ભગવંતો પદસ્થો, સાધુ સાધ્વીજી ગણને નમ્ર વિનંતી છે. આ પુસ્તિકાના આધારે પ્રતિક્રમણમાં સૂત્રની સજ્ઝાયો બોલાતી થાય તેવા પ્રયાસ સૌ સાથે મળીને કરતા સફળતા પ્રાપ્ત થશે. પ્રવચન દરમ્યાન સૂત્રની સજ્ઝાયો જાહેરમાં બોલાવાનો આગ્રહ રાખશો જેથી સજ્ઝાયોનો રાગ-ઢબ બેસી જશે અને સજ્ઝાય સુનંદિ ઘોસરસથી ઉપાશ્રયનો વાતાવરણ આનંદિત થઈ જશે.

શેષ ચાતુર્માસ સહ શેષકાળમાં તથા આગામી ચાતુર્માસમાં શરૂઆતથી આ સજ્ઝાય સુનંદિ ઘોસરસ કાર્યક્રમ રાખી દેશો એવી વિનંતી કરાઈ છે.

ષષ્ઠમ આવૃત્તિના પુનઃ દ્વિતીય પ્રકાશનના લાભાર્થી શેઠશ્રી પારસભાઈ પદમશી મૈશેરી રાપરગઢવાળી છે. પુસ્તકનું પ્રાપ્તિ સ્થાન શ્રી આર્ય જય કલ્યાણ કેન્દ્ર ટ્રસ્ટ મુંબઈ, શ્રી ગૌતમ નીતિ ગુણ સાગર સૂરિ મેઘ શ્રુત સંસ્કૃતિ ભવન, ૧૦૩, મેઘ રત્ન બિલ્ડિંગ, દેરાસર લેન, ઘાટકોપર (પૂર્વ), મુંબઈ-૪૦૦ ૦૭૭. વધુ વિગત માટે સંપર્ક રાજેશભાઈ દેઢિયા-૯૮૬૯૦૫૧૫૨૭, હિતેશભાઈ ગડા-૮૭૭૯૧૩૪૯૧૧

---

# નેશનલ ગેમ્સ ૨૦૨૩ની રોલ ગોલ ગેમ્સમાં વિધિ લોડાયા સમ્લિત મહારાષ્ટ્રની ટીમ ગોલ્ડ મેડલ જીત્યો

ગોવામાં ચાલી રહેલ ૩૭મા નેશનલ ગેમ્સ ૨૦૨૩ રમતોત્સવમાં વિમેન્સ વિભાગની રોલ ગોલ ગેમ્સમાં સાંયરા જલગામની કુ. વિધિ ધર્મેશ જવેરચંદ લોડાયાની સમાવેશ વાળી મહારાષ્ટ્ર રાજ્યની ટીમએ ફાઈનલ મેચ રાઉન્ડમાં રાજસ્થાન રાજ્યની ટીમને ૪ વિરૂધ્ધ ૩ ગોલથી પરાજીત કરી ગોલ્ડ મેડલ વિજેતા થઈ.



સમગ્ર રમતોત્સવની સ્પર્ધાઓમાં જ્ઞાતિની હોનહાર ખેલાડી કુ.વિધિ લોડાયાએ પ્રભાવશાળી દેખાવ દ્વારા ટીમને સબબ સપોર્ટ આપ્યો હતો. જેને લીધે ટીમ ઉજળો દેખાવ કરી શકી હતી.

આ સિધ્ધિની સહભાગી કુ.વિધિ લોડાયાને હાર્દિક અભિનંદન સાથો સાથ ઉત્તરોત્તર પ્રગતિ કરી આગળ વધે એ શુભકામના.

# શ્રી ક.દ.ઓ.જૈન મહાજન ગદગ સંઘની ચૈત્ય પરિપાટી યોજાઈ

શ્રી ક.દ.ઓ.જૈન મહાજન ગદગના નેજા હેઠળ ચૈત્ય પરિપાટીનું આયોજન કરવામાં આવ્યું હતું.

તા.૨૭ સપ્ટેમ્બરના ગદગથી રાતે ૮.૩૦ કલાકે રવાના થઈ વહેલી સવારે કાત્રજ પૂના દર્શન વંદન કરી નવકારશીના લાભાર્થી પરિવાર સુધીર જવેરચંદ સોનીએ લીધેલ. ત્યાંથી રવાના થઈ થાણા ઘોડબંદર રોડ ઉપર શ્રી શંખેશ્વર પાર્શ્વનાથના દર્શન વંદન બાદ સકલ સંઘને શ્રીમતી જ્યોતિબેન જીતેન્દ્ર ધરમશી તરફથી જમણની વ્યવસ્થા રાખવામાં આવી હતી.

ત્યારબાદ તલાસરી તીર્થના દર્શન વંદન બાદ ચૌવિહારના લાભાર્થી પ્રદીપ વેરશી સાયલા વાપીએ લીધેલ. પછી વાપી ગામમાં બિરાજમાન પ.પૂ.સાધ્વીશ્રી કનકપૂર્ણાશ્રીજી મ.સા. એ માંગલિક સંભળાવેલ. ત્યાંથી રાતના શ્રી વડોદરા અચલગચ્છ સંઘમાં રાત્રી રોકાણ બાદ સવારના અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીજી મ.સા.ની વ્યાખ્યાન વાણીનો લાભ લીધો તથા સંઘ તરફથી નૌકારશીની વ્યવસ્થા થયેલ. શ્રી ક.દ.ઓ.જ્ઞાતિ સમાજ વડોદરાના દેરાસરમાં દર્શન વંદનનો લાભ લીધેલ. ત્યાંથી પાવાગઢ શ્રી મહાકાળી માતાજીના દર્શન વંદન કર્યા. બાદ મણિલક્ષ્મી તીર્થમાં રાત્રી રોકાણ કરેલ.

સવારના દર્શન વંદન કરીને કેવડીયા મધ્યે સ્ટેચ્યુ ઓફ યુનિટી ગયેલ. ત્યાંના જોવા લાયક સ્થળોની મુલાકાત લીધા બાદ મહુડી તીર્થમાં શ્રી ઘંટાકર્ણ મહાવીરના દર્શન વંદન કરેલ. ત્યારબાદ અણલોડ, વિજાપુર, મહેસાણામાં દર્શન વંદન કરેલ ત્યાંના જમણના લાભાર્થી નલીન માણેકજી મોતાએ લાભ લીધેલ. બાદ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનના દર્શન વંદન કરી રાતે સુરતમાં રોકાણ કરેલ. સવારના સુરતથી ગદગ તરફ પ્રયાણ કરેલ. બપોરના જમણની વ્યવસ્થા ગામમાં સંજય ઠાકરશી મોતા તરફથી થયેલ.

# બડગરા સંઘમાં આસો માસની આયંબિલ ઓળીની આરાધના સંપન્ન થઈ





કેરાલા રાજ્યના બડગરા નગર સંઘમાં આસો મહિનાની શાશ્વતી આયંબિલ ઓળીની ધર્મ આરાધના સુંદર રીતે પૂર્ણ થઈ. સૌ રમીલાબેન નિરંજન મોમાયા અને શ્રી વીરચંદ દામજી મોતાએ ઓળી તપ કરેલ. તેમજ છુટા આયંબિલ તપ કરનાર પણ હતા. પુનમના નવપદની પૂજા ભણાવેલ સૌએ ઉમંગથી સહભાગી થયેલ.

# સંજીવની કેસ નં.૧૨૧ની જરૂરિયાત રૂા.૧.૮૭ પૂર્ણ થતાં કેસ બંધ કરાયો




ગોરખડી-ડોંબિવલીના ૧૮ વર્ષીય કુ. ભૂમિ દીપક ખોનાને ટ્યુબરક્યુલસ મેનિન્જાઇટિસની બીમારીને કારણે બેભાન અવસ્થામાં ઈમજન્સીમાં હોસ્પિટલમાં દાખલ કરાઈ. તેણી તેના માતા અને અભ્યાસ કરતા ભાઈ સાથે રહે છે. તેણી પોતે પણ અભ્યાસ કરે છે. પિતાનું બે વર્ષ પહેલા અવસાન થયું છે. માતા રસોઈ કરવાનું કામ કરે છે. તેથી પરિવારની આવક પણ જૂજ માત્ર છે. આવી પરિસ્થિતિમાં આકસ્મિક ખર્ચ માટે તેઓ ચિંતાતુર થયાં હતા. કુ.ભૂમિ ખોનાની સારવાર માટે તબીબોએ રૂા.૧.૮૭ લાખનો અંદાજિત ખર્ચ આપેલ. જે માટે તેમના પરિવારએ સમસ્ત મહાજનની મેડિકલ સમિતિની પાસે મદદ માટે અરજી કરેલ.

મોમાયા પરિવારએ આપેલ સારવાર તેમજ તબીબી અભિપ્રાયના કાગળોનો અભ્યાસ કરી મેડિકલ સમિતિએ સંજીવની કેસ નં.૧૨૧ માટે આ અરજી સ્વીકારી આ માટેની જરૂરિયાત રૂા.૧.૮૭ લાખ ક્રાઉડ ફંડિંગ માટે જાહેરમાં મૂકાતા દરેક કેસોની જેમ આ કેસ પણ નામ માત્ર સમયમાં જરૂરિયાતપૂર્ણ થતાં આ અરજીનો કેસ બંધ થયો હોવાનું જાહેર કરેલ છે.

હર વખતની જેમ જ્ઞાતિના ઉદારદિલ દાતાઓ, પરિવારો તેમજ સેવાભાવી મહાજન મંડળો, એકમો તેમજ ટ્રસ્ટોના ઉદાર અને સ્નેહદિલીની વર્ષા મેડિકલ સમિતિની ઉત્તમ, આધારભૂત અને રાહત રૂપ સંજીવની યોજના માટે આજ સુધી મળતી રહી છે. આ માટે સમસ્ત મહાજન સહિત મેડિકલ સમિતિની સમગ્ર ટીમ સૌની અઢળક અનુમોદના કરે છે, ઋણ સ્વીકાર કરે છે.

# મનાલી બિપિન મોમાયાએ શિક્ષણ અભ્યાસમાં ઉચ્ચ ગુણાંક બદલ બે સુવર્ણ ચંદ્રક પ્રાપ્ત કર્યા



સુશ્રી મનાલી છાયા બિપિન મોમાયા હુબલી એ પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપોલામાના અભ્યાસ ડિગ્રી મેળવી સાથોસાથ ઉચ્ચતમ ગુણાંક મેળવવા બદલ બે સુવર્ણ પ્રાપ્ત કર્યા. જે કર્ણાટક રાજ્યના મહામહિમ રાજ્યપાલ થાવરચંદ ગેહલોત અને રાજ્ય સરકારના હાયર એજ્યુકેશનના કેબિનેટ મંત્રી ડૉ.એમ. સી.સુધાકરના હસ્તે તા.૩૦ ઓક્ટોબર સોમવારના રોજે કર્ણાટક યુનિવર્સિટી ધારવાડના દીક્ષાંત સમારોહમાં મનાલી મોમાયાને એનાયત કરાયા.

આ સિધ્ધિ સન્માન મેળવવા બદલ મનાલી મોમાયાને હાર્દિક અભિનંદન.



# ચાલીસગામ સંઘમાં આયંબિલ ઓળી તથા વર્ધમાન તપની ઓળી કરનાર તપસ્વીના પારણા કરાયા

મહારાષ્ટ્ર રાજ્યના ખાનદેશ પ્રાંત વિભાગના શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન શ્વેતાંબર દેરાસર ચાલીસ ગામ સંઘ મધે પ.પૂ. સાધ્વીશ્રી મહાપ્રજ્ઞાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૪ની પાવનકારી નિશ્રામાં તા.૨૦ ઓક્ટોબર શુક્રવારથી તા.૨૮ ઓક્ટોબર શનિવાર સુધી આયંબિલ ઓળી ૯ આયંબિલ કરનાર તપસ્વી તથા વર્ધમાન તપની ઓળી કરનાર તપસ્વીઓના પારણાનું આયોજન તા.૨૯ ઓક્ટોબર રવિવારના શ્રી કેડીઓ હોલ ચાલીસગામ મધે કરાયું. સવારે ૭.૩૦ કલાકે સાહેબનું માંગલિક, સવારે ૭.૪૦ કલાકે સામુહિક પચ્ચખાણ, ૭.૪૫ કલાકે તપસ્વીઓના પારણાનો કાર્યક્રમ થયો.

પારણાના લાભાર્થી પરિવાર માતુશ્રી જયાબાઈ ઝવેરચંદ મોમાયા પરિવાર સાંયરા-ચાલીસગામ જ્યારે બહુમાનના લાભાર્થી પરિવાર માતુશ્રી મધુરીબાઈ ભવાનજી લોડાયા પરિવાર સાંયરા-ચાલીસગામ રહ્યાં હતાં.


ARIHANT BANK
SHRI ARIHANT CO-OP. BANK LTD.
With LOWEST INTEREST Rates, we are still very much Co-operative
Festival Celebration
Bonanza 2023
HOME LOAN
2 WHEELER LOAN
CAR LOAN
GOLD LOAN
MORTGAGE LOAN
TRADE LOAN
COMMERCIAL VEHICLE LOAN
*9.49%
LOAN AGAINST PROPERTY
*9.49%
LOAN AGAINST INSURANCE POLICY
*7.75%
SADA AAPKE SANG, ARIHANT
For More Details, Call Nearest Branch or
Toll Free : 1800 221 984
www.arihantbank.com
@ ArihantBank

# શ્રી પારોલા સંઘમાં સિધ્ધચક્ર પૂજનની ધર્મ આરાધનાઓ સંપન્ન થઈ






શ્રી ક.દ.ઓ.જૈન પારોલા તીર્થમાં પ.પૂ.સાધ્વીશ્રી જયદર્શિતાશ્રીજી મ.સા. તથા પ.પૂ.સાધ્વીશ્રી હિમાંશુશ્રીજી મ.સા.ની પાવન સભર નિશ્રામાં સિધ્ધચક્ર પૂજનની ધર્મ આરાધનાઓ ભવ્યતા સાથે સંપન્ન થઈ. સંઘના બહુ સંખ્ય શ્રાવક શ્રાવિકાઓ ઉપસ્થિત રહી ધન્ય લાભ લીધો હતો.

---

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**શિવજીભાઈ દંડ**
તા.૩૦ ઓક્ટોબર (ઉ.૯૧)
પરજાઉ-મુંબઈ



**વર્ધમાનભાઈ લોડાયા**
તા.૩૧ ઓક્ટોબર (ઉ.૫૩)
કોઠારા-કોઠારા




**ગાયત્રીબેન કર્બેરા**
તા.૩૧ ઓક્ટોબર (ઉ.૪૬)
નલિયા



**ચંદનબેન વિક્રમશી**
તા.૨ નવેમ્બર (ઉ.૮૪)
રાણપર-મોટા લાયજા





**હિમતલાલ માલદે**
તા.૨ નવેમ્બર (ઉ.૬૮)
દલતુંગી-મુંબઈ



**કાંતિલાલ પોલડીયા**
તા.૪ નવેમ્બર (ઉ.૭૧)
ગોઅરસમા-ભુસાવલ



**હંસાબેન લોડાયા**
તા.૪ નવેમ્બર (ઉ.૮૫)
વારાપધ્ધર-બિદડા



**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● વધતા જતા પ્રદુષણ અને પ્રખર તાપથી લોકોને રાહત મળે તેમજ ભુજ શહેરની શોભામાં લીલી અભિવૃધ્ધિ થાય તેવા આશયથી રાજકોટના સદ્‌ભાવના ટ્રસ્ટ દ્વારા શહેરના મુખ્ય માર્ગોના ડિવાઈડર સહિતના સ્થળે ૧૫ હજાર વૃક્ષવાવી તેને મોટા કરવાની જવાબદારી ઉપાડી સ્થાનિક સંસ્થાઓને રાહ ચિંધ્યો છે. આ માટે સદર સંસ્થાની ૧૫ થી વધુ જણની ટીમ ભુજમાં રહી સવાર સાંજ ઝાડને પાણી તેમજ ખાતર નાંખી પોષવાની જવાબદારી નિભાવી રહી છે. તાજેતરમાં બિપોરજોય વાવાઝોડાએ ૨૦ થઈ ૨૫ ટકા વવાયેલાં ઝાડને નુકસાન પહોંચાડ્યું પણ જવાબદારીમાંથી હાથ ખંખેરવાને બદલે ઉપરોક્ત સંસ્થાએ તાત્કાલિક ધોરણે ટીમને મોકલી નુકસાની પામેલા ઝાડોને દૂર કરી નવા વાવ્યા.

● અબડાસા તાલુકાનું મુખ્ય મથક નલિયા ૧૫ હજારની પંચરંગી વસ્તી ધરાવતું ગામ છે. પરંતુ હાલમાં તલાટી મંત્રીની જગ્યા ખાલી હોવાથી લોકો મુશ્કેલીમાં મુકાયા છે. કાયમી તલાટી મંત્રીની અન્યત્ર બદલી થઈ જતા હાલે આ જગ્યા ખાલી પડી છે. કામ ચલાઉ રીતે જખૌ ગામમાં ફરજ બજાવતા ઈન્ચાર્જ તલાટીને નલિયાનો ચાર્જ સોંપવામાં આવ્યો છે. જે અઠવાડિયામાં એક દિવસ હાજર હોય છે. ત્યારે લોકોને પંચાયતી કામ માટે મુશ્કેલી વેઠવી પડે છે. સ્થાનિક લોકો મોટી સંખ્યામાં મુંબઈ સહિત બહાગામ વસવાટ કરે છે. શ્રાવણ માસ, નવરાત્રિ દરમ્યાન પોતાના માદરે વતન આવે ત્યારે તેઓ પંચાયતી વેરા ભરે છે. આમ લોકોને પડતી તકલીફ નિવારવા કાયમી તલાટીની નિમણૂંક કરવામાં આવે એવી માંગણી લોકોની છે.

● તાજેતરમાં ગુજરાત વિધાનસભાના તમામ ધારાસભ્યોને ટેબલેટ આપવામાં આવ્યા છે. ૪થા ધોરણ સુધીનો અભ્યાસ કર્યો હોવાથી અબડાસાના ધારાસભ્ય પ્રદ્યુમન સિંહ જાડેજાને વાંચન લેખન માટે મર્યાદા છે. અગાઉ તેઓ પોતાના વિસ્તારના કોઈપણ પ્રશ્ન હોય કાગળ ઉપર ચિત્રો દોરી વિધાનસભામાં પ્રશ્નો ઉઠાવતાં હતા. પણ હવે ટેબલેટ મળતાં ટેબલેટ સ્ક્રીન ઉપર હાથથી ચિત્રો દોરતાં શિખી ગયા છે. ભણતર સાથે ટેકનોલોજીનો કોઈ લેવા દેવા નથી એ સાબિત કરીને પોતાની આગવી સૂઝબૂઝ અને અનુભવના આધારે ટેબલેટમાં વિષય અનુસાર ચિત્રો દોરી ગૃહમાં ભાષણ કરે છે. રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુ ગુજરાત વિધાનસભામાં આવ્યા ત્યારે વિધાનસભ્ય પ્રદ્યુમ્ન સિંહ જાડેજા ભાગ લીધો હતો અને ખુદ મુખ્ય મંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલએ જાડેજાની આ પધ્ધતિ અંગે રાષ્ટ્રપતિને અવગત કરતા ખાસ નોંધ લેવાઈ હતી.

● મુંબઈના એક પ્રદર્શનમાં કચ્છી બાંધણીના સ્ટોલની મુલાકાત એશિયાના ધનિક પરિવારના નીતા અંબાણીએ લીધી હતી. નખત્રાણા તાલુકાના ભડલી ગામના ૧૯૭૩માં બાંધણી માટે મેરિટ એવોર્ડ મેળવનાર સ્વ આરબ રહીમ ખત્રી અને ૧૯૯૩માં સ્વ.ફાતમાબાઈ અલીમામદ ખત્રીને રાષ્ટ્રીય એવોર્ડ મળ્યો હતો તેમના પુત્ર અને પૌત્ર સુલેમાન ઉમર ફારૂક અને અઝીઝ અલીમામદની અબાબીલ બાંધણીના નામથી ઓળખાતી બાંધણીનો સ્ટોલ પ્રદર્શનમાં રખાયો હતો. નીતા મુકેશ અંબાણીએ કારીગર અઝીઝભાઈ અને તેમના પત્ની તાહેરાબેનના કામથી પ્રભાવિત થયા હતા. ભડલી ગામની મુલાકાતે આવવાનું વચન આપ્યું હતું. અઝીઝભાઈએ નીતાબેનનું બાંધણીના દુપટો ઓઢાડીને સન્માન કર્યું હતું.

● ઈન્ડિયા, પાવર લિફ્ટિંગ ફેડરેશન દ્વારા જમ્મુ કાશ્મીર ખાતે યોજાયેલી રાષ્ટ્રીય કક્ષાની પાવર લિફ્ટિંગ સ્પર્ધામાં ગાંધીધામની યુવતી અને મહિલાએ રાષ્ટ્રીય સ્તરે જુદા જુદા વજન જુથમાં પ્રથમ ક્રમાંક હાંસલ કરીને કુલ્લ ત્રણ સુવર્ણ ચંદ્રક પ્રાપ્ત કર્યા હતા. જમ્મુ ખાતેની ૪૮મી મેન અને ૪૦મી વૂમન સીનીયર, નેશનલ પાવર લિફ્ટિંગ ચેમ્પીયનશિપમાં ગાંધીધામની વંદના કૌલે ૮૫ કિલોથી વધુના ઓપન વિભાગમાં ડેડ લિફ્ટ અને બેન્ચ પ્રેસમાં બે સુવર્ણ અને ગાંધીધામની શિવાંગી પુરન સિંગે ૬૩ કિલોથી વધુના વય જુથમાં સુવર્ણ મેળવ્યો હતો. આ સમગ્ર સ્પર્ધામાં ગુજરાત ઉપરાંત હરિયાણા, ઉત્તરપ્રદેશ, મહારાષ્ટ્ર, હિમાલય પ્રદેશ સહિતના રાજ્યોના ૨૫૦ જેટલા સ્પર્ધકોએ ભાગ લીધો હતો.


DON'T
Compromise!
Portability Benefits Available
"HEALTH INSURANCE"
COMPARE, SCRUTINIZE & DECIDE
karani
: For Details Contact Us :
YASHODHAN KARANI 98211 37737
DEEPAK KARANI 98210 82664
DEEPAK MOMAYA 93233 44737
KALPESH LODAYA 93248 33133
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA